॥ श्री सद्गुरु परमात्मने नमः ॥

श्री रामचंद्र आख्यान.

રચનાર
ત્રિવેદી સોમેશ્વર બહુભાઈ
કપડવણજવાળા.

ભટ્ટ પુનમચંદ જીવરામ,
વાડાશીનોરના.

પહેલી આવૃત્તિ ૧૦૦૦ પ્રત.

અમદાવાદ:
ખાડીઆની [illegible] પ્રેસમાં મહેતાજી પીતાંબર
દાસના મકાનમાં દેશીંગ મુગટજીએ છાપ્યું.

કીમત રૂ.૦—૨—૦.

અર્પણ પત્રિકા.

રા. રા. મહેરબાન સાહેબ અંબાલાલ ગોવિંદરામ ત્રીવેદી એન્ડ હરીપ્રસાદ દલપતરામ માસ્તર.

મુ. વાડાસીનોર.

ટુંકા અરસામાં અમારે ને તમારે થએલો સ્નેહભાવ ને તમારો ઇશ્વરલીલા ઉપર અપૂર્વ પ્રેમ. વિદ્યાનું ભારે વ્યસન એ આદિ ઉચ્ચ ગુણોથી પ્રસન્ન થઈ તથા તમારી મારાપર દૃઢ પ્રિતીના સ્મર્ણાર્થે આ નાનકડો લઘુ ગ્રંથ પ્રેમપુર્વક અર્પણ કરૂં છું. તે સ્વીકારશો. લી. અમે છીએ.

આપના સદાના પ્રિય સ્નેહી નમ્ર સેવક કર્તા.

મુ. કપડવણજ—વાડાસીનોર.

માનપત્રિકા.

રા. રા. સાંકળેશ્વર ભવાનીશંકર.

મુ. વાડાસીનોર.

અહો ટુંકામાં લખવાનું કે આપ સાહેબે જે આ બાળકોને સારા રસ્તા ઉપર ચડાવેલા છે તેને માટે આપની આવી અબાધ કરૂણાનો બદલો અમારાથી આપી શકાય તેમ નથી. અને આપના કોમળ અંતઃકરણમાં ધર્મ અને સારા ગુણો હોવાથી અને વિદ્યાને ઉત્તેજન આપનાર છો અને આપે જે શ્રમ વેઠલો છે તેનો બદલો અપાય તેમ નથી. અને આ બાળકોને સારે રસ્તે ચડાવવા તસ્દી લીધેલી એને માટે આ નાનકડા પુસ્તકમાં આપની માનપત્રિકા છે તે સ્વીકારશો.

લી. નમ્ર સેવક,

ગ્રંથ કર્ત્તા.

પ્રસ્તાવના.

અહો આર્યબંધુઓ! આજકાલ દીનપ્રતીદીન વિદ્યાનો તેમજ ધર્મનો વધારો થતો જાયછે તેથી આ ગ્રંથ ઉત્પન્ન કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયોછે.

હાલના ભાઇઓને તેમજ બાઇઓને નાટકના રાગ ગાવા ઘણા રસીક લાગેછે અને પોતાના સુકંઠનો ઉપયોગ ગેરરીતે કરેછે તેના કરતાં આ પુસ્તક વાંચવાથી બમણો લાભ મળી શકેછે. પહેલા પોતાનો શોખ પુરો થાયછે તથા દેવની ભકિત થાયછે.

રચવામાં જો કર્તાની કોઇ જગ્યાએ ભૂલ રહી હોય તો સુજ્ઞ વાંચકોએ પોતાની મેળે સુધારી લેઇ કર્તાને ક્ષમા આપશો એવી આશા છે.

લી. નમ્ર સેવક,

ગ્રંથ કર્ત્તા.

૫.૯૨

॥ श्रीगणेशायनमः ॥

श्रीफरसुराम अने रामचंद्रना नाटकना गायनो.

અંક પહેલો.

પ્રવેશ ૧ લો.

સ્તુતી.

(૧) "પ્રિતેથી કરીએ સલામ" એ રાગ.

વંદીએ નામી શીષ, હો ભોળા શંભુ વંદીએ નામી શીશ.
સહાય કરો મુને ઈશ, હો ભોળા.
શીષ નામી હું વંદુ તુજને, આપો સબળ આ વાર;
કાર્ય કરૂં હું તુજ કૃપાથી, બોલો શંભુ ત્રિપુરાર. હો ભોળા.
શંભુ સુત જે ગણપતિ તેની, માગીએ અતી સાયસાય;
સહાય માગીએ સર્વ દેવોની, જેથી શુભકામ થાય. હો ભોળા
ગણપતાની સુધ બુધ નારી, વંદુ તેને આ ઠાર;
લક્ષ લાભ બે પુત્રને વંદુ, સહાય આપો આ વાર હો ભોળા.
કાર્ય કરવા અમને બુદ્ધિ દેજો, કોઈ ન કાઢે ખોડ;
શંભુને નમીએ બે હાથે, સહાય આપો કરજોડ. હો ભોળા.
કાર્ય કરવા હું આજ બેઠો છું, મનમાં ધારી ઈશ્વર;
અલ્પ મતીથી ઉચરી બોલે, મુખથી સોમેશ્વર. હો ભોળા.

બદ્રીકા આશ્રમ.

ફરસુરામ— (૨) રાગ ગીતી.

સાંભળજો સર્વે મુન્યો, વીચાર મારો આજે હું કહુંછું;
ક્ષત્રી વીના કરૂં પૃથ્વી, ફરશી આજે હાથ વીષે લઉંછું.
નવ રહેવા દઉં ક્ષત્રી, દેખું ત્યાંથી ઠેર નાંખું મારી;
સાચુ સર્વે માનો, ફરશી મેં તો કર વિષે ધારી.

સમજણ—પછી ફરસુરામ નક્ષત્રી પૃથ્વી કરવા જાય છે. તેમણે સર્વ ક્ષત્રીઓને મારી નાંખ્યા. પણ જનક તથા દસરથ બંનેને વાંઝીઆ જાણી જીવતા રાખ્યા પછી બદ્રીકાશ્રમમાં પાછા આવ્યા.

સર્વ મુનિયો— (૩) રાગ ગજલ.

ભલે પધાર્યાછો મહારાજા, કરીએ છીએ પ્રણામ;
પણ આપે કહ્યું હતું, તે કરી આવ્યા કામ.
ક્ષત્રો સર્વ મારી નાંખ્યા, ભલી પહોંચી હામ;
જય થાઓ જય થાઓ, કુશળ રાખો રામ.

ફરસુરામ— (૪) (મુને રજા દીઓ પ્યારી મારી) એ રાગ.

સુણો મુનીઓ સર્વે પ્યારા, કાંઇ વીચાર કહુંછું મારા;
કાંઇ વીચાર કહુંછું મારારે. સુણો૦
પૃથ્વી નક્ષત્રી મેં કીધી, જે ફરશી કરમાં લીધીરે;
તેથી ગયા તેઓના જીવ સારા. સુણો૦
ફક્ત જીવતા મુક્યાછે રાજન, એ કહુંછું આ વનરે;
જનક દસરથ વાંઝીઆ ધાર્યા, સુણો૦
તેમને પેટ નથી કાંઇ તન, તેથી નવ કર્યા પતનરે;
તેમના ગએલા છે જનમારા, સુણો૦
પણ પુરૂં મેં આજે કીધું, પુન્યતણું પાનું હસ્ત લીધુંરે;
સાચું બોલો મુનિવર મારા, સુણો૦

સર્વ મુનિયો— (૫) (રાગ પ્રાણપતિ પ્યારા મારા)

કામ કરયું ને કઠણ છે, સાચે સુણો મુની જન;
હામ ધરી તમોએ અતી, કહીએ સત્ય વચન.
મુનીવર સાચુ માનજો.
હીમત કોઈની ચાલે નહિ, તેવું કરયું છેજ કામ;
ધન્ય તમારી બુદ્ધિને, કુશળ સદા રાખો રામ.
મુનીવર સાચુ માનજો.

સમજણ—(પરસુરામે કહ્યું કે હે મુનિજનો હવે સંધ્યા સમય થયોછે માટે સર્વ તૈયાર થાઓ. પછી સર્વ મુનિયો પોતા ના મુકામમાં ગયા)

પ્રવેશ ૨ જો.

દસરથ— (૬) (રાગ વસંતતિલકાની ચાલ).

સાચુ માનો સૌ, દીવસ છે આજ રૂડો;
મુકયા નહિ તો, ઉતરત આજ ચુડો.
ધન્યભાગ્ય મારૂં, જીવતો હું રહ્યો છું;
તેથી આજે મનમાં, મગન તો થયોછું.
(વશીષ્ટે કહ્યું હરીની જેવી ઈચ્છા.)

સ્થળ કચેરી.

દસરથ—આજ મારે સાયંકાળે જવાની ઈચ્છાછે કેમ? મહારાજ મને જવાને રજાછે ત્યારે મુનિયો બોલ્યા ભલે જાઓ પછી રાજા જાયછે.

(૭) (રાગ રાય માપ માગું કરજોડીને જરૂર)

રજા લઈને જાઉંછું હું, સુણોને આપ મુન્ય;

રાજ્યમાં ખામી નથી પણ એક રહીછે ન્યુન્ય.
પેટ કાંઈ પુત્ર નથી, તેથી માનું દુઃખ.
બાકી બધી રીતનું છે, આપ પ્રતાપે સુખ.
(પછી એટલું બોલી રાજા સાયંકાળે જાયછે.)

સ્થળ વન.

દસરથ— (૮) (રાગ વિનંતી ધરજો ધ્યાન.)

મેળવ મુજને શીકાર, હો દીનબંધુ મેળવ મુજને શીકાર;
શીકાર માટે હું અહીંઆં આવ્યો, સત્ય કહું આ વાર, હો૦
જો કોઇ મૃગ મારી નજરે આવે, તો મારૂં ઝટ તલવાર. હો૦
મૃગ મારવા મેં મનમાં ધાર્યું, પછી નીકળ્યો હું બહાર. હો૦
આગળ ચાલુંછું હવે હું તો, કરી તુને નમસ્કાર હો૦

સમજણ—પછી રાજા આગળ જાયછે ત્યાં સુંદીર સરોવર દીઠું. સરોવર ઉપર કોઈ બ્રાહ્મણ અને કોઈ આંધળી ડોશી એ બંને બેઠેલાં હતાં પણ રાજાએ તેમને દીઠાં નહિ. પછી કોઇને તરસ લાગવાથી તેમાંનો એક છોકરવાદ હતો તે પાણી લેવાઆવ્યો.

સ્થળ તળાવ.

દસરથ— (૯) (રાગ ગીતી).

સરોવર સુંદર છે, સાચે માનું વીચારી મનમાં;
મૃગને પાણી પીવા, બંધાવેલું હશે એક વનમાં.

સમજણ—(પછી રાજા વિચાર કરેછે એટલામાં ભગભગ એમ અવાજ સંભળાયો તે રાજાને કાને પડયો તેથી મૃગ જાણી બાણ માર્યું.

દસરથ— (૧૦) (રાગ ક્ષત્રી કલંક).

આવ્યું મૃગ પાણીને કાજ, માટે હવે હું ઠેર મારૂં રે.

બાણવડે કહુંછું હું આજ, મારે૦
તું કયાં જનાર છે શીકાર મારે૦
તુંને દેઉ ઝાઝો હું માર, મારે૦

સમજણ—એમ કરી રાજાએ બાણ ચડાવી તેને મારયું તેથી તેજ બાણ પેલા બ્રાહ્મણને વાગ્યું અને તેનો પ્રાણ જવા જેવો થઇ ગયો તે બોલ્યો કે હે હરી! તે સાંભળનાર વીસ્મય થઈ ત્યાં ગયા તેથી માણસ દીઠું એટલે માફ માગવા ગયો.

દસરથ—(૧૧) (રાગ જા કહુંછું જા કહુંછું તુંછે નાનો બાળ).

માફ કરો મુજને કાંઇ, કોણ જાત આપ;
જાણીને બાણ મારયું નથી, નવ દેશો શ્રાપ.
નામ કહો આપનું, કોણ છે તમ સાથ;
ક્યાંથી થયો તે જનોનો, તમારે સંગાથ.

(રાજાના પુછવાથી બ્રાહ્મણે જવાબ દીધો.)

બ્રાહ્મણ— (૧૨) (છંદ શીખરણીની ચાલ).

તું સાંભળ ભાઇ આજે, સાચું મુખથી કહું અહી;
એ માત પીતા મારાં, સાથે બીજું કોઇ નહિ;
જાતિ છે બ્રાહ્મણની, શ્રવણ નામ છે મુજતણું;
જાત્રાએ જાતોતો, સત્ય વચન તમ આગે ભણું.
પાણી લઈને આપજો, બીજું કંઈ કહેશો નહિ,
વાણી મુકી જે તમો, ઉભા રહેજો સહી.

સમજણ—બ્રાહ્મણ આટલું બોલ્યા પછી મરણ પામ્યો ને રાજા પેલાના કહેવા પ્રમાણે ત્યાં ગયો ને તેમના હાથમાં પાણી આપ્યું ત્યારે તે આંધળો બ્રાહ્મણ બોલ્યો કે ભાઇ શ્રવણ! ઓ ભાઇ શ્રવણ! પણ રાજા કાંઈ બોલ્યો નહિ. પછીથી રાજાએ જુ

શાખ દીધો કે તમારો બ્રાહ્મણ તો મરી ગયો ને તેનો પ્રાણ મા રાથી ગયો માટે માફ કરો. ત્યારે બ્રાહ્મણ બોલ્યો.

બ્રાહ્મણ.—૧૩ (રાગ બનજારો)

અહ્પ આતે શું કહેવાય, બ્રહ્મહત્યા તે કયમ થાય
બ્રહ્મહત્યા તે કેમ થાયરે. અહ્પ.
કાંઈ માર્યોરે તેં મારો તંન, જેથી શ્રાપ દઊં આ દનરે.
પુત્ર વીજોગે પ્રાણ તુંજ જાય. અહ્પ.

(સમજણ.) પછી શ્રાપ મુસ્તકે ચડાવીને રાજા ઘેર આવ્યો પછી તે શ્રાપ સભામાં વશીટને કહ્યો ને પુછવા લાગ્યા કે મહા-રાજા મારી બ્રહ્મહત્યા શી રીતે જાય.

સ્થળ કચેરી. (૧૪) રાગ ગોપીચંદનો.

રાજાજી સુણોને સાચું, આજે હું તો કહું.
કંઈ યજ્ઞ કરોને, મુખથી સહુ આજે હું લઉં.
યજ્ઞ કરોને તમે રાજાજી, કંઈ ફળ થાશે અપાર.
બ્રહ્મહત્યા તમારી જાશે, પુત્ર થશે નીરધાર. રાજાજી.
દેવલોકની આશાશ મળશે, અતી હર્ષ આવાર.
વાંચ્છીત ફળ જે પુત્રતણું છે, તે મળશે આ ઠાર. રાજાજી.

(પછી રાજા બોલ્યા કે હુકમ છે કે, બ્રાહ્મણ બોલાવીને યજ્ઞ કરાવો.)

વશીષ્ટ —(૧૫) રાગ ગીતી.

વીપ્ર સુણોને આજે, યજ્ઞ કરવા હુકમ જે આવ્યો;
તેજ હુકમથી કહુંછું, સામન જોઈએ તેજ તમો લાવો.

(સમજણ.) પછી બ્રાહ્મણ પુજાપાનો તથા યજ્ઞનો સામાન લાવ્યા પછી યજ્ઞ કરવા માંડયો. એ પછી આકાશવાણી થઈ કે રાજા તારૂં ભાગ્ય આજથી જયમાન દેખાયછે તેનો ચર કરીને તારી રાણીઓને આપ. જેથી તારે ઘેર મહાપ્રતાપી પુત્ર થશે.

સ્થળ કચેરી (૧૬) રાજા—રાગ નફટ નાગી તું વ્યભીચારી.

સુણો સભાજન વાણી થઈ જે, તેજ પ્રમાણે હું ચાલું.
ભાગ્ય મારૂં ઉદય થયું છે. તેજ પ્રમાણે હું ચાલું.
પ્રભુએ કીધી છે મહેર, કાંઈ થાશે લીલા લહેર.
માટે આજે ચર મંગવો, નકી કહું આ વાર.

નોકર—જાઉં છું રાજાજી હું તો, લઈ આવું તે ઠાર. સુણો.

(૧૭) નોકર—(રાગ ડર માં તું દીલ સાથ છોકરા).

ચર લાવ્યો કાંઈ આજ રાજાજી, ચર લાવ્યો કાંઈ આજ.
લ્યોજી મમ શીરતાજ. રાજાજી.
ચર લઈ આવ્યો, ને મનમાં મહાલ્યો.
જાણ્યું રાજાજીને લાગીશ વહાલો (માટે ચાલ જાઉં)
બીજું કેવા સોભશે રાજ. રાજાજી.

(પછી રાજાએ ત્રણ રાણીઓને બોલાવી તે ચરના ત્રણ ભાગ કરેલા હતા ને તેમને આપ્યા. તેમાં કૌસલ્યા તથા સુમીત્રા કંઈ પણ પ્રકારે રીસાયાં નહિ ફક્ત કૈગાઇ રીસાઇ બેઠાં. એટલામાં તે ચરનો કોઈ પ્રાણીએ ગ્રાસ કર્યો, જે કે ન થયો પણ હમને ચાલતો થયો. પછી તે પોકે પોકે કૈગાઈ રડવા લાગી. જેથી રાજાએ બીજીઓના ચરમાંથી ભાગ અપાવ્યો.

પ્રવેશ ૩ જો.

(સભા બરખાસ્ત થઇ) શ્રી રામચંદ્રજીનો જન્મ થયો.
તથા બીજા ચમત્કાર.

રાજસમાજ (૧૮) રાગ ગરબો. પુનમચાંદની ખીલી.

સભા સખી મંગળ સમય દિન આજનો રે;

સખીઓ. પોતે પ્રગટ્યા શ્રીદસરથ ઘેર, આજે આનંદ
આનંદ અતી ઘણોરે.

સાખી. આનંદ છે અતી ઘણો, અયોધ્યા પુરનીમાંય.
ધન્યભાગ્ય દસરથતણું, પ્રગટ્યા જગદાધાર.
ધન્ય ધન્ય કહું, કોસલ્યાની કુખનેરે.
કર્યો દુષ્ટ દૈત્યોનો સંહાર. આજે આનંદ.

સાખી માથે મુગટ ચળકતો, ને ધનુષ્ય જમણે હાથ.
પીળુ પીતાંબર જરકસી, ત્રિલોકીના નાથ.
શું શોભીત દીસે વદન શ્રીરામનુંરે.
જેના રૂપથી જાઊંછું બલીહાર. આજે આનંદ.

સાખી. કર્ણે કુંડળ શોભીતાં, જામો જરકસી અંગ.
હાથે બાજુ બંધ બેરખા, હીરાનાં છે નંગ.
દશ આંગળીએ, મુદ્રીકા અતી ઓપતીરે;
કમરપર કંદોરો રત્ન જડીત. આજે આનંદ.

સાખી. ચાર પુત્ર પ્રગટ ભયે, જેથી થયો ઉમંગ.
ધન્યભાગ્ય દસરથતણું, કે છે પુનમચંદ.
આજે હર્ષ તો અયોધ્યાપુરમાં થઇ રહ્યોરે.
બાકી હવે રહ્યું નત્ર કાંઈ ન્યુન. આજે આનંદ.

(સમજણ) આ પ્રમાણે થયા પછી કચેરી બરખાસ થાયછે. પછીથી ભરાઇ એટલે વીશ્વામીત્ર આવેછે.

સ્થળ કચેરી દસરથની.

(વિશ્વામિત્ર.—રાગ બનજારો. (૧૯)

સુણો આજ કહું છું રાજન, એક માગું તમ પાસે વચન;
એક માગું તમ પાસે વચન, તે ખુશીથી આપો આદનરે.

કંઈ ખુશ કરો મુજ મંન, સુણો.
યજ્ઞ રક્ષા કરવાની આશ, કંઇ આવ્યો છું તમ પાસરે;
તે આપો ઉલટ ધરી મંન. સુણો.

દસરથ.—(૨૦) રાગ સદર.

લ્યો વચન આપુ મહારાજ, કાંઈ ખુશ થાઓને આજે.
વચન લઇને ખુશી થાઓ, જે જોઈએ તે લઈ જાઓરે.
જેથી થાય આપનું કાજ, લ્યો વચન.
જે જોઇએ તે માગીલીઓ, વળી રહેતો મુજનો કીઓરે.
રક્ષ કરવા આવ્યો હું આજ, લ્યો વચન.

(ત્યારે વીશ્વામિત્ર રાજા પાસે માગે છે.)

વીશ્વામિત્ર. (૨૧) રાગ ગીતી.

પુત્ર વડા બે તારા, તે આપ કંઈ આજ કહું મુંજને.
યજ્ઞ રક્ષા એ કરશે, માટે હવે હું સત્ય કહું તુજને.
તું તુર્ત મુજને દેને, વાર થાય છે માટે કહું રાજા.
રક્ષા કર્યા પછી તેને, મુકી જઇશ હું તુજ પાસે સાજા.

દસરથ.—(૨૨) (રાજા આપ બીરાજો.)

સુણો મુનીજન વીનંતી, પુત્ર એ કાંઈ મળશે નાહિ;
માગો બીજું કંઇ મુજ પાસ. તે તો આપીશું સહી.
કહો તો બીજું આપું હું, તમ માગો કંઈ મમ રાજરે;
કંઇ પુત્ર વિના માહરૂં, કયલાયે સર્વ કાજરે.

(સમજણ.) માટે હે મહાજનઃ પુત્ર વીના બીજું કંઈ માગો કે જે તમો બીજું માગશો તે આપીશ. કહો તો માગો તો આ રાજ આપું પણ પુત્ર તો કેમ અપાય.

વીશ્વામિત્ર. (૨૩) રાગ ક્ષત્રીકંસક.

સુણ ક્ષત્રી શુરા તન આજે, તુજને હું તો શ્રાપ દઊંરે.
નહિ તો આપ તું તારા તન, તુજને.
ચડયો રાજ્યતણો અહંકાર, તુજને.
કંઈ નહિ લગાડે વાર, તુજને.
ગર્વ ચડયો હતો બહુ હાય, તુજને.
તે પલક ઉતાર્યો જ્યાંય, તુજને.
શું જાણું રાજા અભીમાની, તુજને.
શ્રાપ દઈ કરૂં રાજ્યની હાની, તુજને.

(સમજણ.) એટલામાં વશીષ્ટે કહ્યું મહારાજા ક્ષમા કરો.

અંક બીજો.

વશીષ્ટ.—(૨૪) રાગ દહોરાની ચાલ.

ક્ષમા કરો મુનીરાયજી, રાયતણો અપરાધ.
પુત્ર લઇ જાવો તમો, જેથી થાસે લાભ.

(સમજણ.) પછી વશીષ્ટે રાજાને ખાનગીમાં બોલાવીને વાત કહીને સમજાવ્યો ને પુત્ર આપવા કહ્યું. જેથી રાજાએ આવીને મુનીને પુત્ર આપવા હા કહીને પુત્ર વદાય કરતી વેળાએ મુનીને કહ્યું)

દસરથ.—(૨૫) રાગ જાનુની જીવોરે ગોપીચંદની.

મુનીવર મારા આ સમે, વીનતી કરવાની એકજી.
શ્રવણ કરો આપ પ્રીતથી, રાખશો ઈશ્વર ટેકજી.

બાળ કંઈ બાળે વેશ છે.

સાચે મનથકી એમને, રાખો આપની પાસજી.
ભરૂસો ભલોરે તમાહરો, મુકી જજો આપ ખાસજી.
બાળ કંઈ બાળો વેશ છે.

(રામચંદ્ર પોતાના પીતાને રજા આપે છે ને કહે છે.)

રામચંદ્ર (૨૬) રાગ લાવણી.

કહું આજ આપને વાત, શ્રવણજ કરશો.
અમે જઈએ છે બે ભ્રાત, તેથી નવ ડરશો.
જઈ યજ્ઞનની રક્ષા કરી, વેલા આવીશું.
જે આપ પ્રતાપે લાવ અતી લાવીશું.

(સમજણ.) પોતે પીતાજીને વળાવી પછી બન્ને ભાઇ રૂશી સાથે ચાલ્યા. વગડા મધ્યે પહોંચ્યા એટલે બે મારગ આવ્યા પછી મારગ પુછવા લાગ્યા કે મહારાજા કયે મારગે જવું).

રૂશી વિશ્વમિત્ર.—(૨૭) (રાગ દુઃખી દીકરી.

સુણો બે વીર વાત ખરી, દક્ષણી પંથ કંઇ અરી.
આપણે પુરમાં જાવું, દક્ષોણા ભાગ દુઃખી થાંશે.
ભય તેને નડે છે અતી, જેથી મારી મરજી વધી.

રામચંદ્ર.—(૨૮) (રાગ માડ.)

સુણો રૂશીરાય કરજો સહાય, વનની માંહે આ વાર.
કંઇ વન રૂપાએ જાણીને બાળ, વનની માંહે આ વાર.
કૃપા કરોને મુનીજન મારા, મન ધરીને ઉમંગરે સુણો.
આપ સમર્થની સાહાજ મળશે, જેથી દુઃખ થાય દુર.
કેટલા દીવસ જાતાં લાગે, આપણી દક્ષીણ દીશારે સુણો.
બીજી વાતો સર્વ બંધ કરીને, જલદી કરો મુનીજન.
સુણો વનની માંહે આજે, રૂશીરાય કરજો સાહયરે. સુણો.

(સમજણ.) (પછી મુની બોલ્યા કે એ પંથ ૨૦ દી-

વસનો છે. પછી રામચંદ્ર આજ્ઞા લઈ ચાલ્યા પછી આગળ જ-
તાં ઘણા દૈત્યો મળ્યા એટલે બાઉ બાઉ થાય છે,

તાડીકાના.—(૨૯) રાગ ગીતી વૃત.

સુણો તમ બે બાળક, મરણથી આ ઉગરવાનો આરો.
જાઓ પાછા અહીથી, ઉપાય બતલાવું કહું સારો.
યુદ્ધ કરીને જાઓ, સુખ પછી તમ દુ:ખ માની લેજો;
જો હારો કંઇ પોતે, તો ભય રાખીને પાછા નવ હઠજો.

(સમજણ.) (પછી ત્યાં લડવાને સામા આવીને રામ લક્ષમણ બે લડવા જાય છે).

રામચંદ્ર.—(રાગ જગમાં જગમા) (૩૦)

તું સુણને (૨) અસુરણની રાણી, મુજ બળથી છે તું અજાણ.
મરવા (૨) તું નક્કી ધારે, તું જ ભાગ્ય ફુટયું આ વારે.
અહીંયાંથી (૨) શું બચનારી. તું સમજ કંઈ વીચારી.
જગમાં (૨) ક્ષત્રીની રીતી સુણી, નાશ થાય ભીતી.
મારીને (૨) કરીશું પુરી, દશા કરીશું તુજ બુરી.

(સમજણ) (પછી યુદ્ધ કરતાં રામ તાડીકાને એક બાણ માર્યું. પછી રામચંદ્રે એક એકને વીણી વીણીને મારવા માંડયા. એટલામાં દેવે પુષ્પવૃષ્ટી કરી.

આકાશ વાણી.—(૩૧) (રાગ કલ્યાણ).

આજે આનંદ અતી, કરી મહેરની વૃતી.
દેવલોક તપમાંથી, થયા જાગૃતી.
દુષ્ટ અસુરનો ભય હતો કંઇ આ અવની મોઝાર.
હરણ કર્યું તેવા દુષ્ટનું, બે બાળકે આ વાર. આજે આનંદ

(વીશ્વામિત્રનો યજ્ઞ ભુવન બ્રાહ્મણ આને સુનીઓ)

(૩૨) રાગ જગદીશે કર્યો જયકાર.

રાજા રામ કર્યો જમકાર.

સંકટ કાપ્યું, મહા સુખ આપ્યું.

કરીને અસુરનો સંહાર. રાજારામ.

સાખી. મોર મુગટ શોભીતો, ને ધનુષ્ય જમણે હાથ.

અસુર સર્વે મારીયા કૃપા કરીને અનાથ.

રામચંદ્ર.—(૩૩) આજે આનંદ આનંદ થઈ ચેપકાર થયો.

આજે આનંદ, અતી મુજ મંન માને.

મુજ મન માને, નથી રહ્યું છાને. જશ આપો શાને.

જય જય જય સુખકારી આજે.

મુનીનું મંન, જેનાથી ખુશી થયું.

હાં ખુશી થયું, દુઃખ તો ગયું જેથી સુખ રહ્યુ

જય જય જય સુખકારી. આજે આનંદ.

પ્રવેશ ચોથો.

સુબાહુ—(ભાઈ મણીચી આપણે યજ્ઞભંગ કરવા જલદી ચાલો.

મણીચી.—(ચાલો ભાઈ આપણે બને જઈએ એમ કહી બંને

ગયા ફીકર રાખશો નહિ). (બ્રહ્મ યજ્ઞ કરવા માંડેછે).

(૩૪) (રાગ ગીતી વૃત.)

તૃપ્ત થાઓ મમદેવા, બળી ચડાવું આજ કંઇ તમને.

વિઘ્ન કાપો આ સર્વે, દઃખ કાપીને સુખ આપો અમને.

(સમજણ.) એટલામાં ઓચીંતા પથ્થર પડવા માંડ્યા જેથી રામચંદ્રે લક્ષમણને કહ્યું કે બાણવડે યજ્ઞની આગળ પાછળ કોટ કરી પછી બન્ને ભાઈ યજ્ઞ કરવાને લાગ્યા.)

રામચંદ્ર.—(૩૫) (રાગ લાગી છે તરસ ભાઈ પાણી પા.

લઢવાને ચાલો પ્રિય ભાઇ તમ;
પ્રીયભાઇ તમ, કંઈ કહીએ અમ. લઢવાને.
લ્યો ધનુષ્ય કર વીશે ઝાલી.
કર વીશે ઝાલી, મનમાં માલી. લઢવાને.

લક્ષમણ.—(૩૬) (નીરબળ શત્રુ)

શીર છત્ર મધ કલંક લઈને લડવાને કાજે જાઉં છું.
દુષ્ટ અસુરના પ્રાણ હું તો એક પલમાં લઉં છું.
માટે જાવું છે લડવાને માટે, થાઓ તમે તૈયાર;
તમે લ્યો ધનુષ્યને બરછી, હું લઉં છું કટાર.
પળમાં તેને પાર પહોચાડો. કહું છું હું આવાર. શીરછત્ર૦

સમજણ—પછી બંને જણે આકાશ તરફ જોયું કે તુરત તજ અસુરને દીઠા તેથી બાણ ચડાવીને તેમના ટોળામાં શર નાંખવાથી ઘણા અસુર મરણ પામ્યા તેમજ તેમનો આગેવાન મરીચી મરણ પામ્યો ને સુબાહુને બાણ લાગવાથી તે પણ લંકામાં જઇને પડયો જેથી જયજયકાર વાણી થઈ ને દેવલોકો એ પુષ્પવૃષ્ટિ કરી.

વિશ્વામિત્ર ને રામચંદ્ર— (૩૭ રાગ ઓખાહરણ.)

અમને રજા આપો મુનિરાજા, દીન લાગ્યા અમને અહી ઝાઝા;
જો પડે અમારૂં કામ સૈન્ય લઈને આવીશું તમામ.
માતાપીતા મારાં કહેવાય, અમ વીપત્તિ દુઃખજ જાય;
માટે હવે જઇશું ઘેર, માનીશું અતિશય લહેર.

સમજણ—એટલામાં જનકપુરથી પત્ર આવેછે જેથી ઋષિજી રામચંદ્રજીને વાંચવાને કહેછે ને રામચંદ્રજી વાંચે છે તે નીચે પ્રમાણે.

જનક— (૩૮) રાગ હરીગીતની ચાલનો.

હે શીરછત્ર વાંચી પત્ર, વેગે વહેલા આવજો,
વળી મુનીજન આપના, તેનેજ સાથે લાવજો.
કન્યા કુંવારી માહરી, છે નામ સીતા તેતણું;
કંઈ પણ પૂરૂં કરવાની, આશ મનમાં હું ગણું.
જે ધનુષ્ય ફરસુરામનું, તેને જે ક્ષત્રી તોડશે;
પછી તરત ત્યાંથી જઈ, એ હાથ તે તો જોડશે.
ફરી પણ પુરૂં મારૂં પછી યશ ઝ.ઓ પામશે;
વળી મેળવીને જાનકી કંઈ દુઃખ સઘળાં વામશે.
મેં પત્ર લખીઆ છે ઘણા, કોઈ ક્ષત્રીકેરા રાજમાં;
જેથી વીનંતી કરૂં અતી, પધારો શુભ કાજમાં,
અતિ હર્ષ લાવી મન વિષે કંઇ રંકપર કૃપા કરો;
હું અલ્પ મતીથી વિનવું, વીનંતી ફદીએ ધરો.

વિશ્વામિત્ર— (૩૯) રાગ ગજલ.

આવો તમે બે વીર, પત્ર આવ્યો જનકપુર;
સ્વયંવર છે સીતાતણો, કંઈ જઈ બતાવો સુર.
ક્ષત્રી સર્વે તેડીઆ છે સાંભળો તમે.
પીતા તમ આવશે ત્યાં, સત્ય કહીએ અમ.
સ્વયંવર રૂડો છે માટે, આવશે ખરા;
જેથી જાવા જનકપુર, થાઓને તૈયાર.
જલદીથી જાવુ જરૂર નવ લગાડો વાર,

સમજણ—જેથી રામચંદ્ર તથા લક્ષમણ બંને મુનિનાં કહ્યા.થી ઝટ તૈયાર થાયછે.

સ્થળ માર્ગ.

(૪૦) રાગ ગીતી.

મુનીજનો મારા, સત્ય વ્હોને આજ કહું તમને;
કૃપા કરીને અમપર, માર્ગ જવાનો બતલાવો અમને.

વિશ્વામિત્ર— (૪૧) રાગ બનઝારો.

સુણો તમો બે લક્ષમણ રામ, ધરી આવતા અતિશય હામ;
કામ કરવાને જલદી થાઓ, કંઇ આ મારગપર આવોરે.
જેથી સરશે આપણું કામ, સુણો૦
ધન્ય ધન્ય તમારી બુદ્ધ, મન તમારૂં છે શુદ્ધરે;
સેવા કરોછો આઠે જામ, સુણો૦
માર્ગ જાય આ જનકપુર, હવે નથી ઝાઝું દુરરે;
ત્યાં સ્વયંવરે રૂડો થાય, સુણો૦
હવે માર્ગે નથી કાંઈ વિકટ, માટે ચાલો કોઈ મમ સાથરે;
ફળ આપશે કાંઇ ઘનશ્યામ, સુણો૦

સમજણ—એટલામાં એક શલા હતી તે પગે વાગતાંજ માણસ થઇ અને તરત પગે લાગી.

સખીઓ— (૪૨) રાગ ઓખાહરણ)

અહો દીનાનાથ રંકબેલી, હું તો થઇશ ગૌતમનારે મળી;
જેથી માનું તમ ઉપકાર, કૃપા કરો અતિ જગદાધાર.
શ્રાપ દીધો હતો ગૌતમે, તે તો મુક્ત કીધો આ સમે;
જેથી થાશે મુને અતિ સુખ, હવે નહિરે રહે કાંઇ દુઃખ.

રામચંદ્ર— (૪૩) કહાણુ જમાનો કળિયુગ આવ્યો એ રાગ.

હે બાઇ સુણ તું વાતજ મારી, કોણ છો તમ કઇ જાત;
શા કારણથી આ થયું હતું, કહોને તે રીતભાત.

હું અજાણ્યો મન ભરમાણો, માટે કહોને વાત.
હે બાઇ સુણને વાતજ મારી, કોણ છો તમે કઇ જાત.

(સમજણ.) જેથી આ બોલી મારૂં નામ અહલ્યા છે ને મારા સ્વામીનું નામ ગોતમ છે મને તેમણે શ્રાપ દીધો તે નીચે મુજબ.)

અહલ્યા.—(૪૪) (રાગ ઓધવજી સંદેશો કેજો શ્યામને.)

એક વખત મુજ સ્વામી કંઇ ગોતમ જો.
ગયા હતા ગંગામાં કરવા સ્નાન જો.
એટલામાં ઇંદ્ર રાજા ત્યાં આવીયા.
બન્યો બીલાડ ને પેઠો ઘર મોઝારજો. એક વખત.
પછીથી મેં તો બંધ કર્યું મંદીર જો.
પણ નવ દીઠો તેને ભુવન મોઝાર જો.
પછીથી હું તો સત્યે કરીને સુઇ રહી.
એટલામાં નીકળીયો ઇંદ્ર રાય જો. એક વખત.
ઘણા ક્રોધથી મુજ ઉપર એ આવીઓ.
મરણ બીકથી કંઇ બોલ નવ સમજાવીઓ.
એટલામાં તો ગોતમ કંઇથી આવીઓ.
બુમ પાડી કાંઇ જોર કરી આ વાર જો. એક વખત.

(સમજણ.) પછીથી પગે લાગીને બોલી. તમોનેજ આ નકી વરશે બાકીના બધા અવર્થે તેમના મનના મનસુબા ફોકટ જશે. ઇશ્વરરૂપી અવતારને નીરખીશું. અને નમસ્કાર કરીશું. પછી રજા લઇ ઘેર જઇશું. જેથી રામ કહ્યું. સુખે જાઓ.

વીશ્વામીત્ર—(૪૫) (ક્યાંથી આ સંભળાય મધુર સ્વર.)

સુણો તમે બે બાળ કહું તે, સુણો તમ બે બાળ.

સાવધ થામ્યો તતકાળ, કહું તે.
નગ્ર દેખાયે રાજા જનકનું, તમે જ ભાઇ.
સર્વે દેશના નરેશ આવે છે. પોતાનું સૈન્યજ લઇ. કહું તે.
સુંદર નવીન જાતનાં પુષ્પો, જોઇને મન હરખાય. કહું તે.
મુકામ દેખાય છે જે બાગોને, જોઈ તે મન હરખાય.
વળી રાજાને જાણુજ કરવા, ચીઠી લખો આ વાર.
માટે ચાલો જલદીથી જઇએ, જનકપુર મોઝાર. કહું તે.

સમજણ.—(ચીઠી લખેલી વાંચીને મન હરખાય છે)

રામચંદ્ર.—(૪૬) (પ્રાણપતી પ્યારા માહયરા. રાગ). એ

મુનીજન પ્યારા માહરા, સુણો મારો વૃતાંત.
ચીઠી વાંચી બતલાવું છું, સુણજો મન ધરી ખાંત.
મુનીરે મારા સુણો તમો.

શ્રી શુભ જનકપુર છે ત્યાં વસે જનકરાય.
બાલગોપાલ સર્વેનો, કરે ઈષ્ટ રક્ષાય.
મુનીરે મારા સુણો તમે.

બીજું લખ્યું છે અતી, હર્ષ આણીને મંન.
આવે મુની વીશ્વામીત્ર, કંઇ મળવા આવે આ દંન.
મુનીરે મારા સુણો તમે.

વળી મુની સર્વ આવીયા, કંઇ તેમની સંગાથ.
માટે મળવા તમો આવજો, લઇને આપનો સાથ.
મુનીરે મારા સુણો તમે.

બખ્ખીતંગ મુનીની વતી, રામચંદ્ર છે નામ.
દસરથ પીતા અમાહરા, અયોદયા મમગામ.
મુનીરે મારા સુણો તમે.

સમજણ. (પછીથી પત્ર એક મુનીની સાથે મોકલ્યો તે રાજા જનકે વાંચ્યો ને મનમાં ઘણુંજ હરખાવા લાગ્યો ને જલદી સર્વ સાથ લઈને આવ્યો.

જનક.—(૪૭) (રાગ મગન થયું મનરે.)

હર્ષીત થયું તનરે, હર્ષીત થયું તનરે, આપ્યો લાભ મુનીએ ધાર્યું.
મુજ મનમાં અતી આનંદ આજે, મુની વીશ્વામીત્ર બીરાજે. હર્ષિત.
ભાગ્ય મારૂં જોર કરેછે, જેથી વર મળે જોઇએ તેવો.
સુર્યવંશ કોઇ ક્ષત્રી બીજમલથી, મન વીચાર આવેછે એવો.હર્ષિત.
મુનીજનને ભાવે મળીશું, વાતો સારી કરીશું.
મુનીને આપણુ સાથે લઇને જલદી પાછા વળીશું. હર્ષિત.

સમજણ.— પછી જનક રાજા આગળ ચાલ્યા. જેથી તેમણે પોતે મુનીજનોની સાથે હતા તેમને રામચંદ્ર પુછે છે.

રામચંદ્ર પુછે છે.— (૪૮) (રાગ બનજારો.)

સુણો વાત કહું મુનીરાય, સૈન્ય પેલું તો કોનું જાય.
એક વાતતણો સંદેહ, તે બતાવો કરી નેહરે.
જેથી શંકયા મારી જાય, સુણો.
મુને વાત કહો તે કંઈ ખરી, એ ન હોય આપણે અહીંરે.
મને કલ્પના ખોટી થાય, સુણો.
કે પછી એ હોય રાજા જનક, સૈન્ય જોઈ થયો હું છકરે.
કાંઇ મુજને ચીંતા થાય. સુણો.

અંક ત્રીજો.

વીશ્વામીત્ર.— (૪૯) (રાગ ગીતીવૃત.)

સુણો પ્યારા ઓ મારા, શંભુ ન હોય પણ જનક એ કહીએ.
મળવાને આવે છે, માટે આપણ આણીકોર જઈએ.
એ જનકપુર રાજા, પુત્રી એમની જાનકી કહાવે.
સર્વે સાથજ લઈને, મળવાને અતિ હર્ષ કરી આવે.

(**સમજણ.**) પછી મુનીના કહેવા મુજબ રામચંદ્ર લક્ષમણ તથા સર્વે મુનીયો ઉઠ્યા ને ચાલવા મંડ્યા પછી જનક તથા વીશ્વામીત્રને સર્વેને કુશળતા પુછી જેથી અન્યોઅન્ય બોલ્યા. પછી નગરમાં ચાલ્યા ને બાગમાં મુકામ આપ્યો.

સ્થળ બાગ.

વિશ્વામિત્ર— (૫૦) (રાગ ચોપાઈની ચાલનો.)

સુણો રામ લક્ષમણ બે ભ્રાત, તૈયાર થાઓ જાવા સાથ;
એ તંબુ આપણા કહેવાય, જુઓને તેની શોભાય.
તે મધ્યે જઈ કરો મુકામ, જલદી જાઓ લક્ષમણ રામ;

રામચંદ્ર—મુનીજી મનમાં રાખો ધીર, જઈએ હુકમ ચડાવી શીર.

સમજણ—(પછી રામ લક્ષમણ આગળ ગયા ને મુકામની ગોઠવણ કરી એટલે મુનીજી સર્વે આવ્યા પછી થોડીવારે રામ બોલ્યા મહારાજ અમને બાગ જોવાને રજાછે? મુની કહે જાઓ.)

રામચંદ્ર— (૫૧) (રાગ હતું તે વેચ્યું સાટયું સહુ.)

સુણો તમે કાંઈ લક્ષમણ વીર, જોઈ બાગ ધરીને ધીરરે;
ચાલો અહીથી હવે દુર, બાગ પુષ્પોથી છે ભરપુર.

બાગમાં પૂષ્પોછે અતી, જોવાનો કરો વિચાર;
ચાલો આ વૃક્ષ તળે જઈએ, છાયા તેની અપાર.
તાપ લાગેછે મને કાંઈ વીર, જોઈ બાગ ધરીને ધીર;

સમજણ—એટલામાં સામી તરફથી સીતા આવેછે તે જો ઇને અતી ખુશી થાયછે સખીને પુછવા મોકલેછે, પુછેછે, બાઈ તમે બંને કોણ છો, ક્યા દેશનાં છો?)

દાશી રામને પૂછેછે— (૫૨) (રાગ ક્ષત્રીકલંક.)
બાપુ જાતે આપ કોણ છોજ, સત્ય બોલો આ વાર તમેરે.
કઇ નાત અને કોણ જાત, સ૦ વળી કોણછે તમારાં નામ, સ૦
ક્યા નગરના આપ રાજવી, સ૦ તમ પીતાતણું શું છે નામ, સ૦
તમે છો બંને ભ્રાત, સ૦ કે મીત્ર તમારા થાય, સત્ય૦
બાઈ પૂછાવેછે મારાં, સત્ય૦ જેથી મન અતી હરખાય, સત્ય૦

સમજણ—પુછવાથી રામ જવાબ દેછે તે દાસી સુણેછે.

રામચંદ્ર— (૫૩) રાગ ગીતીવૃત.
સુણ તું શાણી બાઈ, નામ પુછવા આજે અહી આવી;
કારણ શું છે તારે, વાત કરે અમ સાથે તું આવી.
રામ નામ છે મારૂં, પીતા નામ દસરથ છે સારૂં;
આ ભ્રાત મારા લક્ષ્મણ છે, વળી અયોધ્યા ગામજ છે મારૂં.
ક્ષત્રી પૂત્ર અમો બને, સત્ય કહું હું તું જાને અહીથી;
જલદી અહીથી જાઓ, અત્રે આવી છું તું કંઇથી.

સમજણ—દાસી જનકપૂરના રાજા સાથે બાગમાં જાયછે. ને તે ખબર કહેછે જેથી સીતા મનમાં હરખાયછે. વીચાર કરેછે. પછી રામની બધી છબી હૃદયમાં ઉતારી.

સ્થળ મહેલ.

સીતા— (૫૪) (રાગ ઓખાહરણ).

સુણને તું શાણી બેહેની, શ્યામરંગ મૂર્તિ હતી જેની;
તે જોઈનેરે મન થયો ઉલ્લાસ, પણ મળવાની ક્યાંથીરે આશ.
દીસે સકુમાર એ બે બાળ, કેવું શોભીત છે તતકાળ;
શું કરૂં મુજ પીતા છેરે વેરી, તેથી ગમે નહી કાંઈ મેરી.
નહિતો જલદી અરપુ વરમાળ, ઝટ કહું તો વળી રીસાળ;
બાઈ એ કેમ કરી મુજને મળશે, મારૂં દુઃખડું હશે તે જશે.
ધીરજ મનમાં તું ધર સાહેલી, થઈશ તેજરે કંથના ભેળી;
સ્વયંવરમાં એતોરે જીત કરશે, પછી પ્રેમથી તુજને વરશે.
વાળુ કરવાને થાઓરે સ્વસ્ત, વળી સુર્યરે થયોછે અસ્ત.

સમજણ—પછી ઊંઘી જાયછે ને વાળુ કરવા જાયછે. પણ તેને ઊંઘ આવતી નથી, હરઘડીએ હે રામ હે રામ બોલબોલ કરેછે. વળતી સુઈ જાયછે પછી દાસી ઉઠેછે.

દાસી— (૫૫) (રાગ માથાના મુગટ મારા).

સાંભળોનેરે શાણી બાઈ, પ્રિતેથી વધાઇરે;
સ્વયંવરનો શુભ દીન, આજ સુખદાઈરે.
રાજન સરવે આવશે, આજે સભામાંહીરે;
જીત મેળવશે રામ, આજે જુઓ બાઇરે. સાંભ૦
ચીંતા તમે દુર કરો, શાણી બાઈ મારાંરે;

સીતા— આવ દાસી પાસે મારી, બોલ તારા પ્યારારે;
પણ એક ફીકરછે મન વિષે મારારે.

શિવના ત્રંબકને શું બાળ જીતનારોરે, સાંભ૦
ઘણા રાય આવશે, વળી થશે વધારોરે;
રાવણ સરિખા આવે, કેમ આ વારોરે.
પીતા મારા સમજી એ, સાથે પરણાવોરે;
તો પછી મારે એની સાથે સારૂં ફાવેરે. સાંભ૦

સમજણ—પણ હવે શી રીતે મને મળનાર છે. પીતા પણ મૂકીને જો મને તેની સાથે પરણાવો તો ઠીક નહિ તો મારે મરવું પડશે. ચાલ સભામાં જાઊં.

સ્થળ કચેરી.

જનકપુરના રાજા જનક ભાષણ કરેછે, મહેરબાનો અત્રે તેડાવ્યાછે. તે ખાસ આ સ્વયંવરમાં જીત કરવાને તેડયાછે માટે હવે જલદીથી પોતપોતાનું જોર બતલાવવું જોઇએ. માટે હવે જલદીથી તૈયાર થાઓ અને આ ધનુષ્યની પ્રતિયત્ન ચલાવો. પછી જાનકીજી તરતજ વરમાળા આરોપશે. કોઇ ઉઠતા નથી, ત્યારે જનક કહેછે કે કોઈ ઉઠો ઉઠો રાય કોઈ ઉઠતું નથી ત્યારે—

જનક— (૫૬) (રાગ કોઈ ઉઠો ઉઠો રાય.)

સુસ્ત થઈ શું બેસી રહ્યા છો, શોભાવોછો કેશ;
કેસરની તો આડ કરીને, શોભાવોછો વેશ.
રાજા જનકનું પણ જાય, બેશી કેમ અહીં રહેવાય.
ક્રોધથી) આડું અવળું જોઈ રહ્યાછો, રંગે દીસોછો રૂડા;
ધનુષ્ય નવ માગો ત્યારે, પેરો તમે ચુડા.

એટલામાં રાવણ આવેછે અને એકદમ દરેક દેશના રાજાને ક્રોધ

કરીને બોલેછે. (૫૭) (રાગ સદર.)

અલ્યા શી માંડી છે વાત, અત્રે જલદી કહે સાક્ષાત;
નહિ તો જલદી કરીશ તુંજ ઘાત, સાચી કહેને મુજને વાત.
ઘાત કરૂં હું આજે તારી, શું કરયુંછે તોફાન;
રાજા રાવણ નથી ઓળખતો, ખશી ગયુંછે ભાન.
બ્રહ્મરાક્ષસની એ જાત, સાચી કહેને મૂજને વાત;
જનક—પૃથ્વીપતી સાંભળોને આજ, થાઓ જલદી તમે સ્વચ્છ.
ધનુષ્ય જલદી બાગવાને, બીડો તમે કચ્છ.
દાસીપર કૃપા કરોને અનાથ, સાચી કહોને મુજને વાત.
(સમજણ) રાવણ આ સાંભળતાંજ ક્રોધે ચડયો અને બોલ્યો.

(૫૮) (રાગ ક્ષત્રી કલંક.)

સુણ મુજ જોરથી અજાણ, બતલાવું બળ આજે મારૂંરે.
કરૂં ધનુષ્ય હું કચરઘાણ, બતલાવું૦
એક કરથી ઊપાડયો છે કૈલાસ, બતલાવું૦
દેવ સરખા પામ્યા અતી ત્રાસ, બતલાવું૦
બાગ્યાં ઘણાં સુરનાં ગામ, બતલાવું૦
તો આ ધનુષ્ય કોણ માત્ર, બતલાવું૦
રવી સોમ રહ્યા છડીદાર બતલાવું૦
વાયુ તાબેદારી કરે છે અપાર, બતલાવું૦
હાક અવનીમાં મારી વરતાય, બતલાવું૦
નામ સુણીને કંઈ ઈંદ્રરાય, બતલાવું૦

પછી ત્યાં તુરત આગળ થઇને એક કરથી ધનુષ્ય ઉંચું કરવા માંડયું પણ કાંઈ વળ્યું નહિ પછીથી રીસ કરીને વીસ હાથે સાથ બીડીને ધનુષ્ય ઉંચું કરી કટી સુધી લાવ્યો.

જાનકી. (૪૯) રાગ લલીત.

અરર ઇશરે, કોપ શીદ કીધો, રંકદાસની અર્જ ઉર ધરો.
કીયા ભવનું વેર તો હશે, દુષ્ટ આવીઓ શું હવે થશે.
ફીકર થાય છે મન મુઝાય છે, દુષ્ટ દેખીને મન દુખાય છે.
અરર હાયરે થનાર શું હશે, પણ મારૂં પુરૂં કેમ થશે.
રામ કંથ છે સત્ય માહરા, વીર તે વીના બાકીના ખરા.
માટે ઇશરે અર્જ હું કરૂં, ધનુષ્ય તોડે તો જલદીથી મરૂં.
ઇષ્ટ મહારા સુણોને દ.ઝરે, દાસી કરગરે રાખો લાજરે.
દુષ્ટ રાવણો બળ હીણ તો થજો, સુર એહનું સર્વ તો જજો.
સહાય માગું હું બાપ તાહરી, જલદી વારે થા સાથ માહરી.
દાસી માહરી શું થશે હવે, દુષ્ટ રાવણો ક્યારે તે જશે.

(સમજણ.) એટલામાં ધનુષ્યની ચાંપ ચઢાવા જાય છે કે તરત ધનુષ્ય તેની છાતીપર પડ્યું જેથી રાવણ ચતાપાટ પડયો તે ખુબ દબાવાથી ઘણી બુમો પાડી કે કોઇ મને કાઢોરે કાઢો, પણ તે ધનુષ્ય કોઇથી ઉપાડાયું નહિ ને રાવણને કાઢવાની સત્તા રહી નહિ.

દાસી— (૫૦) રાગ કલ્યાણ.

વધાઇ વધાઇ વધાઇ, બેની શુભ છે વધાઇ
રાવણો જેથી પડાયો છે, થઇ છે સુખદાઇ. વધાઇ.
સુખનો સુર્ય કંઇ ઉદય થયો છે, સુણો બેની આજે.
મહેર કરીને ઇષ્ટે આપણી, રાખી સઘળી લાજ. વધાઇ.
ધનુષ્ય એથી ન ઊચકાયું, બેની સાચું માન.
તળે પડી પોકાર કરે છે, જાસે પળમાં પ્રાણ. વધાઇ.

(સમજણ.) સીતા કહે છે સારી વાત થઇ, ઇષ્ટ દેવે લાજ

રાખી. પણ રામચંદ્ર તો પોતે સકુમાર અને બાલ્યા અવસ્થામાં છે જેથી તેમનાથી ધનુષ્ય ઉચકાશે નહિ. વળી તે જાતના કોમળ છે. હાય શું હું કુંવારી રહીશ.

દાસી—બેન ના ના તું કેમ ભુલે છે તે નાનો છે પણ જોર કંઇ ઓછું નથી માટે ફીકર છોડો તમને ઇશ્વરની કૃપાથી તેજ મળશે એવી આશા છે.

—o❀o—

પ્રવેશ પાંચમો.

જનક— (૬૧) (રાગ ગીતીવૃત.)

સુણો ક્ષત્રી સૌ સુરા, કાયર થઇ બેશી શું રહીએ.
કાયર થઇને રહેવું, ધર્મ આપણ ક્ષત્રીનો નહીરે.
ક્ષત્રી નથી કોઈ અહીંઆં, મારી નાંખ્યા છે ફરસુરામે.
નક્ષત્રી કરી પૃથ્વી, રાખ્યા નથી ક્ષત્રી કોઈ નામે.

(સમજણ). એવું સાંભળતાંજ લક્ષ્મણ તથા રામ જે મુનીઓની સભામાં બેઠા હતા તેમાંથી લક્ષ્મણ ક્રોધે ચઢયો. શું હું ક્ષત્રી નથી. શીરછત્ર જલદીથી રજા આપો. ધનુષ્યથી સંહાર કરૂં. વળી ઉભા થઇને બોલે છે.

લક્ષ્મણ.— (૬૨) (રાગ ક્ષત્રીકલંક.)

હુકમ આપો જલદી શીરતાજ, પણ પુરૂં હું એનું કરૂંરે.
ચઢી મુજ મનમાં અતી દાઝ, પણ૦
બોલ્યો છે કંઇ મર્મ વચંન, પણ૦
સુર બતાવું હું આ દન, પણ૦
શાને કરો હુકમમાં ઢીલ, પણ૦

ક્રોધ ચઢયો મુજને અતી દીલ, પણુ૦
ભુમી ભાગી કરૂં ચકચુર, પણુ૦
હુકમ આપો બતાવું હું સુર, પણુ૦

વીશ્વામીત્ર— (૬૩) (રાગ ઈંદ્ર સભાની ગજલ.)

શાંત થાઓ શાંત થાઓ, તમો લક્ષમણુ વીર.
ક્રોધ ન કરો ક્ષત્રી થઇને, રાખો મનમાં ધીર.
શીરછત્ર વીર છે, રામ તમારા.
ધીર ધરી બેસો નીચે, વીચાર એ મારા.
(સમજણુ.) પછીથી સાંભળતાંજ લક્ષમણુ બેશી જાય છે.
રામ મૂની પાસે ધનુષ્ય તોડવાની રજા માગે છે.

રામચંદ્ર. (૬૪) રાગ કલ્યાણ.

અહો મુની મહારાજ, નમન કરીએ આજ.
ધનુષ્ય ભાગવાને કાંઈ, હુકમ છે શીરતાજ. અહો૦
હુકમ મુજને જલદી આપો, સત્ય કહું છું આ ઠાર.
ધનુષ્યના ચુરા કરી નાંખું, હેતે મારૂં આ વાર. અહો૦
શાને આપ વીચાર કરો છો, ખોટી હું તો થાઊં.
હુકમ આપો તો જલદીથી, ધનુષ્ય તોડવા જઊં. અહો૦
જાને ભાઈ ના કોણુ કહે છે, ન કરતું કામની વાર.
આજ ભાગશે તું હાથેથી, નક્કી કહું આ વાર. અહો૦
સમજણુ— તે ધનુષ્યની તેણે પ્રદક્ષીણા કરી તેણે જમણા અંગુઠો અડાડીને ઉંચું કરવા માંડયું ત્યારે તે રાવણુ નીચેથી નીકળીને નાશી જવા લાગ્યો.

સીતાને દાશી કહે છે.— (૫૫) (રાગ સહીયર દુઃખ થું.)

વિવેક ચતુર બેની માહરી, કહું હર્ષની વાત.
રાવણ નાઠો જાય છે, તમે સુણો સાક્ષાત.
વીવેકી ચતુર બેની માહરી.
રામચંદ્ર પોતે આવ્યા છે, કરમાં લીધું છે ધનુષ્ય.
પ્રતીમાં ચઢાવી જોરથી, મુજ મન થાય ખુશ.
શીરછત્ર બેની માહરી.

દાસી— (૫૬) જખકેકેલંદર.

શીરછત્ર એ શાણી બેની, થાઓ તૈયાર તમે.
ઇષ્ટ દેવે કંઈ લાજ રાખી છે, વીનવીએ સૌ બાળ અમે.
રામ થયા તમ ભરથાર, જલદી આપો વરમાળ.
સુખ થાય દુઃખ જાય, નકી કહું આ વાર.
ઇચ્છા જે હતી તે થઈ ગઇ, પુર્ણ આ વાર. શીરછત્ર.
ક્રોધ કાંઇ ક્ષત્રી થઇને, રાખો મનમાં ધીર.
શીરછત્ર વીર હજો, રામ માહયરા.
ધીર ધરી બેસો નીચે, વીચાર મારા.

સ્થળ માર્ગ.

રામે એકદમ શીવનું ધનુષ્ય ભાગ્યું ને જનક રાજાની કુંવરી પરણીને ક્ષત્રી રાજા જાય છે. એવી ખબર પડતાં ફરસુરામ રસ્તામાં અતીશય ક્રોધ કરીને હાથમાં ફરશી લઇને ઉભો રહયો તુરત મનમાં વિચાર કરવા લાગ્યો કે હવે તો જરૂર માર્યા વગર રહું નહિ એટલામાં સૈન્ય તથા જાનનાં સર્વે માણુસ આવે છે.

ફરસુરામ— (૫૭) (રાગ ક્ષત્રીકલંક.

સુણો ક્ષત્રી તમોરે તમામ, મરણ તમ આવી પહોંચ્યુંરે.

યુદ્ધ આપો કહું આ ઠામ, મરણુ૦
સું શીવ ધનુષ્ય ભાગનાર, મરણુ.
લડવા આવો લગાડો ન વાર, મરણુ.
મુને ચડી મનમાં અતી રીસ. મરણુ૦
ફરશી વડે છેદુ તમ શીશ, મરણુ૦
નથી કોઈ મુજ હાથે વડનાર, મરણુ૦
સાચે જાણો જમદગ્નિ કુમાર, મરણુ૦

લક્ષમણ.— (૫૮) (રાગ સદર.)

સુણ વીપ્ર કહું આ દંન, વચન મુખથી શું વદેરે.
કરૂં એક બાણથી પતન, વચન૦
જોયા નથી સુરાના હાથ, વચન૦
ધરી હામ ન ભીડે તું બાથ, વચન૦
પણ જાવા દઉં મુજ કુળની રીત, વચન૦
વીપ્ર જાણી કરતો નથી ભયભીત, વચન૦
નહિ તો મારૂં તુને આ ઠાર, વચન૦
પણ વીપ્ર જાણી કરૂં છું વીચાર, વચન૦

પરસુરામ.— (૫૯) (રાગ સદર)

સુણી વચન ઉપજે મુજ ઝાળ, હવે હું નહી છોડું તુંનેરે.
છોડ તો તો જાણી તુને હું બાળ, હવે હું૦
જલદી ઉતરને કરતું સંગ્રામ, હવે હું૦
તારા મનની ઉતારૂં હામ, હવે હું૦
જલદી ભજી લે હવે તું રામ, હવે હું૦
જલદી ભજી લેને તું ઇશ, હવે હું૦
આજે ફરસીથી ઉડાવું તુજ શીશ, હવે હું૦

રામચંદ્ર— (૭૦) રાગ ઓખા હરણ.

તમે સુણોને ફરસુરામ, ડરે મોતથી કાયર તમામ.
નથી હમે કોઈ ડરનારા, કહો મૂની તમ શું કરનાર.
બ્રાહ્મણભાઈ તો લાડુ ખાઈ જાણે, યુધ્ધની રીત તો કયાંથી પ્રમાણે.
ગર્વ ઉતર્યો કેમ વીચીત્ર, તેં તો ઉતાર્યો કંઈ વીશ્વામીત્ર.
લાવ્ય ભાઈ ધનુષ્ય ને બાણ, કોલ આપ્યો છે તુજને પ્રમાણ.

લક્ષમણ સામું જોઈને—પછી ફરસુરામે ફરશી મારવાને તૈયાર કરીને જેવા મારવા જાયછે કે તુરત રામ તેને બાણ અડકાડી તુર લઈ લીધું. જેથી પરસુરામ વીસ્મય થાયછે. ને પછી રામાવતાર થયો એમ મનમાં જાણી તુરત પાયે પડવા લાગ્યા.

ફરસુરામ.—તથા સર્વ પાત્રો.

(૭૧) (રાગ શું નટવર વસંત થેઈ થેઈ નાચી રહ્યાં. નાચ કરવાની)

આહા રંગ રમ્યા રસ ભર્યા, લીલા કરે.
લીલા કરે ખુબ ખીલ્યા કરે, આહા.

સાખી. ખેલ સર્વ પુરણ થયો, વરત્યો જય જયકાર.
જય બોલો શ્રીરામની, ફરસુરામ ઉપકાર.
આહા ત્રીવેદી, એસ એલ વીનતી કરે.
વીનતી કરે વીનતી કરાવે, આહા.

(સમજણ). રામચંદ્ર તુરત મુંનીને ઉઠાડી પગે લાગી પોતાની સાથે હાથી ઉપર બેસાડયા. પછી સર્વે જણ અયોધ્યામાં આવ્યા અને જય જયકાર વાણી થઈ.

ઈતી શ્રી રામચંદ્ર આખ્યાન સમાપ્ત.

અગાઉથી આશ્રય આપનાર ગૃહસ્થોનાં નામ.

નકલ.	નામ.	નકલ.	નામ.
૪૦	રા. રા. હરીપ્રસાદ દલતપ	૧	જોશી હીરાલાલ ભોગીલાલ
૧૫	ત્રીવેદી ગીરધર બાળકૃષ્ણ	૧	ત્રવાડી પ્રાણલાલ મગનલાલ
૧૦	મનીયાર ફતેભાઈ રસુલભાઈ	૧	સુતાર શોમેશ્વર હરજીવનદાસ
૫	સાંકળચંદ મુળજી મોદી	૧	મોદી ચંદુલાલ પ્રાણલાલ
૫	પારેખ મૂળચંદ લલુભાઈ	૧	કડકીયા ગરબડદાસ દામોદરદાસ
૫	ત્રવાડી મગનલાલ જગજીવન	૧	કડકીયા લલુભાઈ જેઠાભાઈ
૫	ત્રવાડી શંકરલાલ મગનલાલ	૧	ભટ મગનલાલ કાશીરામ
૫	ત્રવાડી હરીવલ્લવ વિદ્યારામ	૧	પારેખ ચંદુલાલ પ્રાણલાલ
૫	શાસ્ત્રી મહાશંકર જેશંકર	૧	શા. સાંકળચંદ ગીરધરભાઈ
૪	પુરાણી અંબાલાલ દામોદર	૧	પરીખ સાંકળચંદ, ચુનીલાલ
૨	ત્રવાડી છોટાલાલ કાશીરામ	૧	ત્રવાડી અમૃતલાલ લક્ષ્મીરામ
૨	દલસુખ હરીવલ્લવ	૧	ત્રવાડી બાપુલાલ રેવાશંકર
૨	કડકીયા મગનલાલ કેશવલાલ	૧	ત્રવાડી ઓછવલાલ ચુનીલાલ
૨	ત્રવાડી ચુનીલાલ મગનલાલ	૧	વાળંદ સાંકળચંદ બાપુજી
૨	ત્રવાડી મંગળદાસ ઘહેલાભાઈ	૧	ત્ર. છોટાલાલ સામળદાસ
૨	ત્રવાડી કૃષ્ણલાલ અંબાલાલ	૧	ગાંધી કોદર ગુલાબચંદ
૨	મગનલાલ બાળકૃષ્ણ	૧	ગાંધી ચંદુલાલ અમૃતલાલ
૨	ત્રવાડી મગનલાલ ભુધર	૧	ગોર દલસુખ બાકૃષ્ણ
૨	ત્રવાડી છગનલાલ ગીરધર	૧	ભટ મોતીલાલ નારણ
૨	ત્રવાડી મોતીલાલ છગનલાલ	૧	ત્ર. શંકરલાલ ભોગીલાલ
૨	ત્રવાડી પ્રાણલાલ નરોતમદાસ	૧	મોદી ચંદુલાલ હરીલાલ
૧	ત્રવાડી મગનલાલ પીતાંબરદાસ	૧	દફતરી કેશવલાલ દામોદર
૧	ત્રવાડી આદીતરામ બાળકૃષ્ણ	૧	પરીખ ચંદુલાલ મગનલાલ
૧	દેસાઈ ચંદુલાલ ચુનીલાલ	૧	ત્રવાડી બાળકૃષ્ણ શીવશંકર
૧	વ્યાસ મણીલાલ મગનલાલ	૧	શા. મોહનલાલ ચુનીલાલ

નકલ	નામ.
૧	ત્રવાડી બાળકૃષ્ણ ચુનીલાલ
૧	ત્રવાડી છોટાલાલ કાશીરામ
૧	સુતાર લલુભાઈ ભગવાન
૧	સુતાર પરસોતમ દેવજી
૧	સુતાર કોદર નાગરભાઈ
૧	ત્રવાડી ઓછવલાલ માસુખ
૧	ત્રવાડી જગજીવન લક્ષમીરામ
૧	દેશાઈ ત્રીકમલાલ ગોવીંદલાલ
૧	ત્રવાડી માણેકલાલ હરીવલભ
૧	ભટ ભોગીલાલ ચુનીલાલ
૧	બીડાલકર બાપુરાવ ખંડેરાવ
૧	મોદી ચંદુલાલ ત્રીકમલાલ
૧	મોદી મોજીલાલ અમૃતલાલ
૧	મોદી લલુ નાથજી
૧	ત્રવાડી અંબાલાલ પરજારામ
૧	શા. ચંદુલાલ છગન
૧	કડકીયા મથુર ચુનીલાલ
૧	સોની ત્રીભોવનદાસ ઝવરદાસ
૧	સોની ચુનીલાલ લલુભાઈ
૧	સુતાર મુળજી માધવજી
૧	શોની માસુખ કુબેરજી
૧	ત્રવાડી છગનલાલ હરગોવીંદ
૧	લવાર ફુલચંદ મનોરદાસ
	કપડવંજ.
૧૫	ત્ર. આદીતરામ પીતાંબર
૧૦	ભટ મંગળ જાદવ
૫	પોષ્ટ માસ્તર જાદવરાય રણછોડ

નકલ.	નામ.
૫	ત્ર. આદીતરામ પીતાંબર
૫	ત્ર. ઓછવલાલ છોટાલાલ
૫	ત્ર. અંબાલાલ નાથજી
૨	જેકૃષ્ણ લલુભાઈ
૨	ત્ર. ભયશંકર બાપુજી
૨	ત્ર. હલસુખ લલુ શુભારામ
૨	ત્ર મગનલાલ બાબર
૨	ત્ર. મંગળ અંબાલાલ
૫	શ્રી કપડવણજ સત્યબોધક સમાજ
૨	ત્ર. પ્રાણલાલ દોલત
૨	ત્ર. પ્રભાશંકર ગણપત
૨	ત્ર. ત્રિકમલાલ મથુર
૨	દાણી રતનલાલ હરીવલભ
૨	કરજી ચુનીલાલ મનસુખ
૨	ત્રવાડી જીવરામ મથારામ
૨	ત્ર. જેકૃષ્ણ બાલાભાઈ
૨	ભટ. અંબાલાલ છગનલાલ
૨	ત્ર. મુળજી ચુનીલાલ
૨	દેસાઈ મગન હીરજી
૨	ત્ર. દોલતરામ નરસી
૧૧	ત્ર. મંગળ છગન
૬	ત્ર. સોમેશ્વર મુળજી
૭	પુરાણી માધવલાલ સોમેશ્વર
૨	ત્ર. ઓછવલાલ છોટાલાલ
૧	ત્ર કેશવલાલ લલુકાલશરના
૧	ત્ર. મુળજી કેવળ
૧	શા અંબાલાલ સાંકળચંદ

નકલ	નામ.
૧	ત્ર. મણીલાલ જાદવ
૧	ત્ર. ભોળાશંકર નાથજી
૨	શા. શા. મનસુખ નરસી
૧	ત્ર. સાંકળચંદ સોમેશ્વર
૧	ત્ર. દોદર કાળીદાસ
૧	ત્ર. અમૃતલાલ હરગોવન
૧	ત્ર. સાંકળચંદ પરસોતમ
૧	ત્ર. જેકૃષ્ણ દામોદર
૧	શાસ્ત્રી મણીશંકર જેશંકર
૧	ત્ર. મંગળ મથુર
૧	દરજી આશારામ સાંમળ
૧	પરબ સાંમળ પીતાંબર
૧	ગીરધર દોલત
૧	ત્ર. ઓછવલાલ મોતીલાલ
૧	રાવળ છોટાલાલ મોતીલાલ
૧	ઘોની સાંકળચંદ ગોપાલ
૧	મણીલાલ દલસુખ
૧	ભટ જેકૃષ્ણ મથુર
૧	ત્ર. જીવરામ ગણપત
૧	ત્ર. હરીલાલ મગન
૧	ત્ર. ચુનીલાલ મંગળ
૧	ત્ર. કેશવલાલ છગન
૧	ત્ર. મગનલાલ જીભાઇ
	લુણાવાડા.
૫	રાવળ મણીલાલ મુળજી
૫	જાની ચુનીલાલ રણછોડ
૪	નારણરાવ યશવંતરાવ
૧	ઘોની હીરાલાલ વંદ્રાવન

નકલ.	નામ.
૨	રાવળ મોજીલાલ દલસુખ
૨	વ્યાસ માધવલાલ કેશવલાલ
૧	દવે સોમેશ્વર હરગોવન
૧	ભટ મોહનલાલ ગણપતરામ
૧	જાની વૃજલાલ મુલેશ્વર
૧	દવે મહાશંકર દાજીભાઈ
૧	દવે મોહન પીતાંબર
૧	રાવળ હીરાલાલ દલસુખ
૧	રાવળ છોટાલાલ બાપુજી
૧	ભટ કાશીનાથ રાજારામ
૧	પંડયા જગનનાથ ભીખાલાલ
૧	મહેરબાન ઠાકોર સાહેબ પ્રતાપસીંહ સ્વરૂપસીંહ
૧	સુતાર મનસુખ ગોપાળ
૧	માસ્તર મહાસુખરામ મનસુખ
	મુંબાઇ.
૨	ઓછવલાલ ભગવાન
૨	ત્ર. અંબાલાલ મગન.
૧	ત્ર. મંગળ ડાહ્યાભાઇ.
	રામપુર.
૫	ઓવરશીયર દામોદર ગીરધર.
૧	ભટ માધવલાલ મુળજી.
	નાંદોદ.
૨૫	ત્ર. અંબાલાલ ચુનીલાલ.
	વડોદરા.
૧	ત્ર. કેશવલાલ મોરલીધર.
	ડેશર.
૧	ત્ર. કેશવલાલ મગનલાલ.

નકલ. નકલ.

નડીઆદ.

૧ ઉમીઆશંકર ગંગાશંકર.

આંઢાલા.

૫ સબરજીસ્ટર કારકુન ચુનીલાલ નાથાભાઈ.

અમદાવાદ.

૨ શેઠ અમરતલાલ દયારામ.

આત્રોલી.

૧ મુખી છગન ચતુર.

ભાલજ.

૫ ર. શંકરલાલ હરજીવન.

મહુધા.

નકલ. નામ.

૧ દવે જેશંકર ગણપતરામ.

ખડાલ

૧ પટેલ ધરમચંદ મોતીભાઈ

કપડવણજ.

૨૧ શ્રી વૈજનાથ મહાદેવની મંડળી

૧૫ ધી કપડવણજ સત્યબોધક સભા તરફથી

૨ ત્રીવેદી જયકૃષ્ણ મગનલાલ

૧ ત્રીવેદી મથુરાદાસ મનોહરામ

૧ ત્રીવેદી મણીલાલ લલુભાઈ

સૂચના.

આ પુસ્તક રચવામાં તથા છપાવવામાં જે સદગૃહસ્થોએ મદદ કરેલી છે તેમનો અમો નમ્રતાપૂર્વક આભાર માનીએ છીએ.

અમારાં પુસ્તક નીચે લખેલે ઠેકાણેથી રોકડી કીંમતે મળશે.

ચાણસ્માનગર. શા પુનમચંદ ઉજમશી પાસેથી, તથા પારેખ મુળચંદ લલ્લુભાઈ પાસેથી, તથા ઝવેરી નેમચંદ રતનભાઈ પાસેથી.

કપડવંજ.—ગાંધી સોમેશ્વર લલ્લુભાઈ પાસેથી, તથા શ્રી કપડવંજ જૈન ... સભાની ઓફીસમાંથી પણ મળશે.

બાલેજ.—ગાંધી શંકરલાલ ઉજમલાલ.

નડીઆદ.—ગાંધી અંબાલાલ ચુનીલાલ.

ઉમરેઠ.—ગાંધી કેશવલાલ મગનલાલ પાસેથી.

અમદાવાદ.—શાહ ... મગનલાલ ચોકસી.

ભાવનગર.—શેઠ સોમેશ્વર ..., તથા ... લાલ ... પાસેથી.

જાહેર ખબર.

ચોથે પાને જણાવેલ ... આ પુસ્તકમાં પ્રથમથી ... **સરસ્વતી ...** છે. માટે અમો તે ... નમ્રતાપૂર્વક ... કરીએ છીએ, કે ... ગ્રાહકોએ ... મારફત મંગાવી લેવાં.